ગાંધીનગર સમાચાર

તા. ૨૯-૧-૨૦૧૨, મંગળવાર

## તંત્રી સ્થાનેથી.....

### અશ્વમેધનો ઘોડો દિલ્હીના દરવાજે

નરેન્દ્ર મોદીએ છૂટ્ટો મૂકેલો અશ્વમેઘનો ઘોડો હવે કદાચ કોઈથી બાંધ્યો બંધાવાનો નથી. હવે એ અધિકૃત રીતે છેક દિલ્હીના દરવાજે પહોંચી ગયો છે. ડાંગના પૌરાણિક પ્રદેશમાં ઉજવણી કરીને મુખ્યમંત્રીશ્રીએ વળતી જ સવારે રાજધાની દિલ્હીની વાટ પકડી, તે શું સૂચક નથી? ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષપદે નીતિન ગડકરીને બીજી ટર્મ મળે એ માટે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના એક જૂથે મરણિયા પ્રયાસો કર્યા હતા. એ મુદ્દે મોદીની નારાજગી જાણીતી હતી, છતાં નાગપુરના મોવડીઓએ એમને પણ મનાવી લઈને ગડકરીની પડખે બેસાડી દીધા હતા. પરંતુ છેલ્લે ઈન્કમટૅક્સના દરોડા સંદર્ભે ભાજપના મોવડીમંડળમાં ગડકરી વિશે પુનર્વિચારણા થઈ અને અણધારી રીતે 'સર્વ સંમત' અધ્યક્ષ તરીકે રાજનાથ સિંહની વરણી થઈ હતી. તે વખતે મોદીએ એમને ટેલિફોન પર અભિનંદન આપ્યા હતા, પરંતુ એ પછી મોવડીમંડળથી ઘેરાયેલા રાષ્ટ્રીય પ્રમુખને રૂબરૂ મળીને એમની સાથે ભોજન લઈ મોદીએ એમની આગવી અને અંગત મુલાકાત દ્વારા વડાપ્રધાન પદના દાવેદાર ગણાતા દિલ્હી નિવાસી હરિફોને જબરદસ્ત આંચકો આપ્યો છે. મોદીએ ચીવટપૂર્વક માત્ર રાજનાથ સિંહને જ મળવાનો કાર્યક્રમ બનાવ્યો. એમની સાથે ગુજરાત પ્રદેશ ભાજપ અંગે ચર્ચા કરી. ૨૦૧૪ની લોકસભાની ચૂંટણીમાં ગુજરાતના ફાળે જે જવાબદારી આવે તે અદા કરવાની તૈયારી દર્શાવી. બીજા શબ્દોમાં કહેવું હોય તો વડાપ્રધાનપદ માટે પોતે થનગની રહ્યા હોવાની સીધી જ રજૂઆત કરી દીધી જેથી હિંદી બેલ્ટનાં રાજપૂત નેતાના મનમાં બીજો કોઈ સંકલ્પ-વિકલ્પ ન જાગે! મોદીએ ગુજરાતમાં ત્રણ ત્રણ વાર કોંગ્રેસને ધૂળ ચાટલી કરીને પોતાની હેસિયત સાબિત કરી દીધી છે. એટલું ઓછું હોય તેમ વિવિધ માધ્યમોએ અવારનવાર મોદીના નામની જ આરતી ઉતારી છે. એનડીએના મુખ્ય ઘટક પક્ષ તરીકે ભારતીય જનતા પાર્ટી એનું ચૂંટણી સુકાન નરેન્દ્ર મોદીના મજબૂત હાથોમાં સોંપે એવી સંભાવના છે. સરદાર પટેલને નાયબ વડાપ્રધાન પદથી સંતોષ માનવો પડ્યો હતો પરંતુ મોરારજી દેસાઈનું વડાપ્રધાન બનવાનું સપનું સાકાર થયું હતું. મોદીને એવી તક મળશે તો ગુજરાત અને ગુજરાતીઓની છાતી ગજ ગજ ફૂલશે. અમેરિકાના વિખ્યાત 'ટાઈમ' મેગેઝિનની કવર સ્ટોરી બનવા ઉપરાંત એબીપી ન્યૂઝના સર્વેક્ષણમાં મોદી જ દેશનાં સૌથી વધુ લોકપ્રિય નેતા હોવાનો અહેવાલ પ્રકાશિત થતાં હવે ભાજપ પાસે વડાપ્રધાન પદના ઉમેદવાર તરીકે અડવાણી કે સુષમા સ્વરાજ જેવાં નામો માટે ખાસ કોઈ અવકાશ રહેતો નથી. જનતા દળ (યુ) જેવાં કેટલાંક પ્રાદેશિક પરિબળોનો વિરોધ અવગણીને પણ ભાજપ એના આ લોકપ્રિય હિંદુ હૃદય સમ્રાટ - વિકાસ પુરૂષની છબીને જ ૨૦૧૪ની લોકસભાની ચૂંટણીમાં વટાવવા તૈયાર થાય, એવી શક્યતા વરતાઈ રહી છે. ગુજરાત માટે તો દેખીતી રીતે જ આ ગૌરવપૂર્ણ ઘટના બની રહેશે. 'ગાંધીનગર સમાચાર' ગુજરાતના નાથને આગોતરી શુભેચ્છા પાઠવે છે.



## આર.એન. લલિતકલા એકેડેમીનું ૧૪ આરંગેત્રણ નીકી ભાવસારે રજૂ કર્યું

કડી સર્વ વિશ્વિદ્યાલય સંચાલિત સેકટર-૨ ૩માં આવેલ લલિતકલા અકદામી ગાંધીનગરદ્વારા ૧૪મું ભરતનાટ્યમ્ (આરંગેત્રમ્) ૨૭ જાન્યુઆરી રવિવારના રોજ ગાંધીનગરના સેકટર-૧૬માં આવેલ ટાઉન હોલ ખાતે બપોરે ૨.૩૦ કલાકે નીકી ભાવસાર દ્વારા પ્રસ્તુત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સમારંભના અધ્યક્ષ તરીકે સર્વ વિશ્વવિદ્યાલય ગાંધીનગરના કુલપતિ ડી.ટી. કાપડીયા, અતિથિ વિશેષ તરીકે ગાંધીનગર કલ્ચરલ ફોરમના અધ્યક્ષ કૃષ્ણકાન્ત જહા, સર્વ વિદ્યાલયના કૅમ્પસ ડાયરેકટર ડૉ. સોમભાઈ પટેલ, અશ્વમેઘ ગાંધીગનરના શૈલેષભાઈ પટેલ, અધ્યક્ષ ભાજપ જોધપુર કોષા અમદાવાદના ગીતાબેન ભાવસાર, એડિશનલ કલેકટર ગાંધીગનરના જયશ્રીબેન દેવાંગન, પ્રમુખ ગાંધીનગર ભાવસાર સમાજના મહેન્દ્રભાઈ ભાવસાર, મનહરભાઈ ભાવસાર, શકુંતલાબેન ભાવસાર વગેરે મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. ઉપસ્થિત મહેમાનોએ નીકીના ઘડતરમાં નીકીના માતાપિતા તથા કલાગુરૂ શંકુતલાબેન ઓઝાના કાર્યને બિરદાવ્યું હતું. સર્વ વિશ્વવિદ્યાલયના કુલપતિ ડી.ટી. કાપડિયાના હસ્તે રૂા. ૨૫૦૦નો પુરસ્કાર આપી સન્માન કર્યું હતું. જ્યારે મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહેલા કૃષ્ણકાન્તભાઈ જહાના હસ્તે પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યું હતું. કાર્યક્રમને સફળ બનાવવા માટે લલિતકલા અકાદમીના આચાર્યા દીનાબેન ડોડીયા, મનહરભાઈ ભાવસાર તથા લલિત કલાના સ્ટાફે ભારે જહેમત ઉઠાવી હતી.

## ગાંધીનગર ટાઉનહોલમાં ગાંધી નિર્વાણ દિને સ્વરાંજલિ કાર્યક્રમ

ગાંધીનગર, તા.૨૮

૩૦મી જાન્યુઆરીના રોજ રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીના નિર્વાણ દિન અને શહીદ સ્મૃતિ દિને સ્વરાંજલિ અને મૌનાંજલિ આપવાનો એક જાહેર કાર્યક્રમ તા. ૩૦-૧-૨૦૧૩ના રોજ સેકટર-૭, ટાઉનહોલ ખાતે સવારે ૯-૪૫ કલાકે ગુજરાત રાજય સંગીત નાટક અકાદમી દ્વારા તથા ઝવેરચંદ મેઘાણી સ્મૃતિ સંસ્થાનના સહયોગથી યોજવામાં આવ્યો છે.

સતત ત્રીજા વર્ષે યોજાનાર આ કાર્યક્રમમાં રાટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણી રચિત અને સંપાદિત સ્વાતંત્ર્ય ગાંધી ગીતો સુપ્રસિદ્ધ લોકગાયકોશ્રી અભેસિંહ રાઠોડ, સુશ્રી મીનાબેન પટેલ અને સાથી કલાકારો રજૂ કરી સ્વરાંજલિ અર્પણ કરશે.

આ કાર્યક્રમ દરમિયાન બરાબર ૧૧ વાગે શહીદોના માનમાં મૌન પાળી મૌનાંજલિ અર્પણ કરવામાં આવશે. આ જાહેર કાર્યક્રમમાં સૌરાષ્ટ્ર-કચ્છ સમાજ સેવા ટ્રસ્ટના તમામ સભાસદોને તથા ગાંધીનગરની જાહેર જનતાને પધારી રાષ્ટ્રપિતા તથા શહીદો પ્રત્યે પોતાની દેશભકિતની ફરજ અદા કરવા અકાદમીના સભ્ય સચિવશ્રી પ્રદીપ આઝાદ અને સૌરાષ્ટ્ર-કચ્છ સમાજ સેવા ટ્રસ્ટના અગ્રણી શ્રી જીલુભા ધાધલ તથા શ્રી મગનભાઈ કાકડિયાએ વિનંતી કરી છે.

## આદર્શ નિવાસી વિ.જા. કુમાર શાળાનું ગૌરવ

ખેલમહાકુંભ ૨૦૧૨ ગાંધીનગર જિલ્લા કક્ષાની ગ્રામ્ય વિભાગની જૂડો સ્પર્ધા તાજેતરમાં જિલ્લા પ્રશિક્ષણ કેન્દ્ર, સેકટર-૨૧, ગાંધીનગર ખાતે યોજાઈ હતી. જેમાં આદર્શ નિવાસી વિ.જા. કુમાર શાળાના સંજય પોરડિયાએ ૩૦ કિ.ગ્રા. વજનમાં તથા કલ્પેશ ઝાંપડિયાએ ૪૫ કિ.ગ્રા.માં અને અર્જીત મછારે ૫૦ કિ.ગ્રા. વજનમાં જિલ્લા કક્ષાની સ્પર્ધામાં દ્વિતીય નંબર મેળવી વિજય હાંસલ કર્યો હતો.

## તક્ષશિલા વિદ્યાલયમાં પ્રજાસત્તાક દિન ઉજવાયો

તક્ષશિલા કેળવણી મંડળ ગાંધીનગર સંચાલિત તક્ષશિલા વિદ્યાલયમાં ૬૪માં ૨૬મી જાન્યુઆરી પ્રજાસત્તાક દિનની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે શાળામાં સવારના ૮.૩૦ વાગ્યે ધ્વજવંદનનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. સવારના શાળામાં રાષ્ટ્રગાનની ધૂન દ્વારા વાતાવરણને ૨૬ જાન્યુઆરી-૧૯૫૦ના દિનને જીવંતમય બનાવેલ. શાળાના માધ્યમિક વિભાગના કર્મચારી ભરતભાઈ ગમારા દ્વારા રાષ્ટ્રીય તિરંગો ફરકાવવામાં આવ્યો હતો. ત્યારબાદ સંસ્થાના સંચાલક રાજેશકુમાર એસ. દવેએ ૬૪માં પ્રજાસત્તાક દિનને અનુલક્ષીને આ દિવસનું મહત્વ સમજાવ્યું હતું. શાળાના સ્ટાફ તથા વિદ્યાર્થી ભાઈ-બહેનોએ સાથે રહીને 'ઝંડા ઉંચા' 'વંદે માતરમ્' તથા રાષ્ટ્રગીતો સંગીતમય તાલમાં ગાયુ હતું. દેશના આ રાષ્ટ્રીય પર્વની ઉજવણીમાં સમગ્ર શાળા પરિવારે ઉમળકાભેર વિદ્યાર્થી ભાઈ-બહેનો સાથે હાજર રહીને રાષ્ટ્રમય વાતાવરણ જીવંત કર્યુ હતુ. શાળાના કર્મચારી રજનીકાન્ત દવેએ ખૂબજ જહેમત ઉઠાવી હતી. તથા માધ્યમિકના આચાર્યા શ્રીમતી મીનાક્ષીબેન એમ. રાવલે પણ ૨૬મી જાન્યુઆરીને અનુલક્ષીને વક્તવ્ય આપ્યું હતું.

## કેપિટલ યુથ ડેવલૉપમેન્ટ ટ્રસ્ટ દ્વારા હેન્ડબૉલ ચેમ્પિયનશીપ યોજાઈ

ગાંધીનગર, તા. ૨૮

કેપિટલ યુથ ડેવલૉપમેન્ટ ટ્રસ્ટ ગાંધીનગર દ્વારા પોલીસ ગ્રાઉન્ડ ખાતે સ્વ હિતેશ વાઘેલા હેન્ડબોલ ચેમ્પિયનશીપનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૬ ટીમોનાં ૭૨ ખેલાડીઓએ ભાગ લીધો હતો. જેમાં ગુજરાત હેન્ડબૉલ એકેડેમી સ્વેન સ્ટાર, પી.જી. હાઈસ્કૂલ ચરાડા, હિલવુડ સ્કૂલ ફ્રેન્ડ્સ કલબ અને થોરાત જીમની ટીમોએ ભાગ લીધો હતો.

રમતજગતના તંત્રી ભૂપેન્દ્રભાઓ ક્ષોત્રિય પો.સ.ઈ., કાન્તીલાલ છત્રાલીયા તથા રમતપ્રેમીઓ અને કેપિટલ યુથ ડેવલોપમેન્ટ ટ્રસ્ટના મંત્રી ભરતજી ઠાકોર હાજર રહ્યાં હતા. ફાઈનલમાં ગુજરાત હેન્ડબૉલ એકેડેમી વિજેતા બની ચેમ્પિયનશીક મેળવી હતી. ઈનામ વિતરણ સમારોહ યોજાયો હતો.

## આર્ષ અક્ષરધામ પ્રવચનમાળા અંતર્ગત
# 'પ્રેમસખી પ્રેમાનંદ' વિષય પર ૬૨મી પ્રવચનમાળા યોજાઈ

### ઉત્તમ કોટિના સર્જક, ભકત કવિ અને સંગીતજ્ઞ એટલે પ્રેમાનંદ સ્વામી...!!!

ગાંધીનગર, તા.૨૮

પૌરાણિક શાસ્ત્રો, ભારતીય સંસ્કૃતિના સંદર્ભિત ગ્રંથો તેમજ તત્વજ્ઞાનના અભ્યાસ માટે બી.એ.પી.એસ. સંસ્થાના વિદ્વાન સંતો દ્વારા અભ્યાસ તેમજ સંશોધનનો વિભાગ 'આર્ષ' દ્વારા ત્રૈમાસિક પ્રવચનમાળાનું આયોજન કરવામાં આવે છે. તાજેતરમાં આર્ષ અક્ષરધામ દ્વારા ૬૨મી પ્રવચનમાળા 'પ્રેમસખી પ્રેમાનંદ'નું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે શ્રી અક્ષર પુરુષોત્તમ સ્વામિનારાયણ મંદિર, શાહીબાગ, અમદાવાદના પૂ. અક્ષરવત્સલ સ્વામીએ પ્રાસંગિક પ્રવચન કર્યું હતું.





પૂ. અક્ષરવત્સલ સ્વામીએ પ્રવચન કરતાં જણાવ્યું હતું કે, વિ.સં. ૧૮૩૭માં ભગવાન સ્વામિનારાયણ આ પૃથ્વી પર અવતર્યા. ભગવાન સ્વામિનારાયણ પોતાની સાથે પોતાનું ધામ અને મુકતો સહિત અવતર્યા. 'હરિચરિત્રામૃતસાગર' ગ્રંથમાં ૩૦૦૦ સાધુઓ હોવાના પ્રમાણ છે. એમાંથી માત્ર આંગળીને વેઢે ગણી શકાય એટલા જ સંતોની માહિતી પ્રાપ્ત થાય છે. આ સંતોમાં અષ્ટ મહાન પરમહંસ કવિઓ હતા. એમાંના ઉત્તમ કોટિના સર્જક, ભકત કવિ, સંગીતજ્ઞ એમ ઘણી બધી ઉપમાઓથી વર્ણવી શકાય એવા હતા પૂ. પ્રેમાનંદ સ્વામી.

ગુજરાતમાં પ્રેમલક્ષણા ભકિતના પદોના રચિયતા હતા પૂ. પ્રેમાનંદ સ્વામી. એમની ભકિતની ઉત્કંઠતા અસાધારણ હતી. પ્રેમાનંદ સ્વામી ભગવાનની દરેક લીલાનું વર્ણન કરીને શીઘ્ર કવિતા બનાવતા અને પદોની હારમાળાનું સર્જન કરનાર હતા. પ્રેમાનંદ સ્વામીનું પ્રાગટય વિ.સં. ૧૮૩૫ની આસપાસ છે. પ્રેમાનંદ સ્વામીનો ભગવાનને પામવાનો તલસાટ ખૂબ જ અગ્રેસર હતો. સમયાંતરે સ્વામિનારાયણ ભગવાનનો યોગ થયો. તેમને સ્વિકારીને નિજબોધાનંદ સ્વામી નામ આપ્યું.

ભગવાન સહજાનંદ સ્વામી તેમને કવિતા રચના કરવા પર, ગાન ગાવા પર અને સંગીત પર પ્રતિબંધ ફરમાવ્યો. પરંતુ સદાય કવિત્વમાં રાચનાર નિજબોધાનંદ સ્વામી અંદરોઅંદર ખચકાટ અનુભવતા હતા. પરંતુ રોજે રોજ ભગવાન સ્વામિનારાયણનું દર્શન કરતાં ત્યારે જરૂરથી મનોમન કોઈને કોઈ પદોની રચના જરુર કરી દેતા. ભગવાન જે રીતે બેસે, ઉઠે, ચાલે, બોલે, જમે એમ ભગવાનની તમામ ક્રિયાઓ પર ધ્યાનપૂર્વક મંથન કરતાં અને એને શબ્દોરૂપી રચનામાં ઢાળી દેતા. આ તેઓની પ્રેમલક્ષણા ભકિત હતી.

એક સમયે આઠ મહિનાના વિરહ બાદ જયારે નિજબોધાનંદ સ્વામી ભગવાન સ્વામિનારાયણને મળ્યા ત્યારે તેમની આજ્ઞાથી સ્ફૂરણા દ્વારા તેઓએ શીઘ્ર કીર્તનની રચના કરીને મહારાજને શ્રવણ કરાવ્યું. કીર્તન શ્રવણ બાદ ભગવાન સ્વામિનારાયણે કહ્યું કે, તમે જે પ્રકારે શીઘ્રતાપૂર્વક કીર્તન રચો છો તે જોતાં નિજબોધાનંદ સ્વામી નામ તમને અનુકૂળ લાગતું નથી જેથી આજથી હવે તમારું નામ 'પ્રેમાનંદ'. ત્યારથી તેઓ પ્રેમાનંદ સ્વામી નામથી સ્વામિનારાયણ સંપ્રદાયમાં પ્રચિલત થયા.

પૂ. પ્રેમાનંદ સ્વામીના સાડા ચાર હજાર જેટલા પદો પ્રસિદ્ધ થયેલા છે એથી અનેકઘણા પદો-કીર્તનો તો હજુ ય અપ્રસિદ્ધ છે. ગુજરાતી, મારવાડી, પંજાબી, વ્રજભાષા, ભોજપુરી, મરાઠી સહિતની ઘણી બધી ભાષાઓમાં કીર્તનો-પદો આલેખ્યા છે. તેઓ પ્રાસંગિક પદો રચવામાં માહિર હતા. પ્રેમાનંદ સ્વામીના પદો સાંભળીને ભગવાન સ્વામિનારાયણ દૂર દૂરથી ખેંચાઈ આવતા હતા.

આ પ્રવચનમાળામાં અક્ષરધામના મહંત પૂ. આનંદ સ્વરૂપદાસ સ્વામી, પૂ. સંતો, સત્સંગીઓ, વડીલો, યુવાનો, મહિલાઓ વગેરે વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતાં.

## સર્વ વિદ્યાલય કડી કેમ્પસમાં હર્ષોલ્લાસ સાથે ગણતંત્ર દિનનની ઉજવણી

ગાંધીનગર, તા. ૨૮

શ્રીમતી આર.જી. પટેલ કન્યા માધ્યમિક અને શ્રીમતી એસ.બી. પટેલ કન્યા ઉચ્ચત્તર માધ્યમિક શાળામાં પ્રજાસત્તાક દિનની ઉજવણી કરવામાં આવી હતી.

કડી સર્વ વિદ્યાલય કેળવણી મંડળ ગાંધીનગરના કેમ્પસ્ નિયામકશ્રી ડૉ. સોમાભાઈ પટેલ તથા સર્વ વિદ્યાલય કેળવણી મંડળની વિવિધ શૈક્ષણિક સંસ્થાના હોદ્દેદારો હાજરી આપી હતી.

ઉચ્ચત્તર માધ્યમિક વિભાગના શ્રીમતી જયોત્સના બેન પટેલે રાષ્ટ્રીય ભક્તિ, એકતા વિશે શીખ આપી હતી. એન.સી.સી. કેડર પટેલ ધરાંગી દ્વારા ડૉ. સોમાભાઈ પટેલના હસ્તે રાષ્ટ્રધ્વજ લહેરાવવામાં આવ્યો હતો. આ પ્રસંગે દેશભક્તિનાં ગીતો, સ્કેટીંગ સાથે રજૂ કરવામાં આવ્યાં હતા. કેમ્પસ નિયામક ડૉ. સોમાભાઈ પટેલ પ્રાસંગિક પ્રવચન કર્યું હતું. કાર્યક્રમનું સંચાલન શ્રીમતી જયોત્સનાબેન પટેલે કરેલ હતું.

## આઈ.ટી.આઈ.માં પ્રવેશ બાબત

ગાંધીનગર, તા. ૨૮

ઔદ્યોગિક તાલીમ સંસ્થા ગાંધીનગરમાં સેન્ટર ઑફ એક્સલેન્ટ હેઠલ આઈ.ટી.સેકટરમાં એડવાન્સ મોડ્યુલની તાલીમ માટે તાલીમાર્થીઓને તા. ૩૧મી જાન્યુઆરી સુધી આચાર્યનો સંપર્ક સાધવા જણાવવામાં આવે છે. પ્રવેશ માટેની લાયકાત, આઈ.ટી.આઈ. હક્કે પાસે અથવા બી. બી. બી. ટી. પાસ અથવા આઈ.ટી. એન્ડ ઈ.એસ.એમ. પાસ.

## ચૌધરી કેમ્પસ્માં પ્રજાસત્તાક દિનની દબદબાપૂર્વક ઉજવણી

ગાંધીનગર, તા. ૨૮

પી.કે. ચૌધરી મહિલા આર્ટ્સ કૉલેજમાં અખિલ આંજણા કેળવણી મંડળની સંસ્થાએ પ્રજાસત્તાક દિનની દબદબાભેર ઉજવણી કરી હતી. પ્રજ્ઞા ચક્ષુ વિદ્યાર્થીની કુ. દક્ષાના હસ્તે ધ્વજવંદન કરાવવામાં આવ્યું હતું. એકના ભાઈચારા દર્શાવતા કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા. વકૃતત્વ સ્પર્ધા યોજાઈ હતી.

શાળા વિભાગમાં ચદારાણા હેતલ, દ્વિતીય ક્રમે પ્રગતિ ચૌધરી, તૃતીય ક્રમે અંગ્રેજી માધ્યમની રવાની ચાંદની વિજેતા બન્યા હતા.

કૉલેજ વિભાગમાં ગોહિલ અંજના, બી.એડ્. કૉલેજ, દ્વિતીય ક્રમાંકે ચોબો પ્રિયંકા ચૌધરી, એમ.બી.એ. કૉલેજ, તૃતીય ક્રમાંકે ગોસાઈ અમી એમ.એડ્. કૉલેજ રહ્યાં હતા. પ્રાસંગિક ઉદ્‌બોધન પ્રિ. ડૉ. ઉર્મિલાબેન ચૌધરીએ કર્યું હતું. ટ્રસ્ટીઓ તથા કેળવણી મંડળના પ્રમુખ મણીભાઈ ચૌધરી ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન કુ. આયશા પરમાર અને કુ. જાનકી ચાવડાએ કરેલ હતું.

# પરીક્ષાની તૈયારી કેવી રીતે કરશો ?

વ્હાલાં પરીક્ષાર્થી વિદ્યાર્થીમિત્રો,

ધોરણ ૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષા આડે હવે ટૂંકો સમયગાળો બાકી રહ્યો છે ત્યારે આપને પરીક્ષાની તૈયારીમાં મદદરૂપ થવા માટે નીચેની Tips ઉપયોગી થશે. ધોરણ-૧૧ સાયન્સના સેમેસ્ટર-૨ના પરીક્ષાર્થીઓ માટે પણ પરીક્ષાની તૈયારીમાં નીચેના સલાહસૂચનો મહત્ત્વપૂર્ણ નીવડશે. એવી આસા સાથે આપને ઉપયોગી Tips આપું છું. શિક્ષકમિત્રો તથા વાલીજનોને પણ આ Tips જોઇ જવા વિનંતી છે.

આપ સૌ પરીક્ષાની તૈયારીમાં વ્યસ્ત હશો. થોડા આયોજન અને નિશ્ચિત ધ્યેય અને આત્મવિશ્વાસ પૂર્વક પરીક્ષાની તૈયારી કરવાની ઇચ્છિત પરિણામ મેળવી શકાય છે. એટલું જ નહિ, પરીક્ષાનો હાઉ પણ દૂર કરી હળવાશથી પરીક્ષા આપી શકાય છે. તો આ રહી Tips

(૧) લક્ષ્ય (Target) :

પરીક્ષાની તૈયારી કરતા સૌ વિદ્યાર્થીઓ પોતાનું લક્ષ્ય નજર સમક્ષ રાખે. પોતાની ક્ષમતા મુજબનું લક્ષ્ય રાખવું સલાહભર્યું છે. ધારો કે તમે ૮૦ ટકા માટે લક્ષ્ય રાખશો તો તમારે લક્ષ્ય મુજબ વધુ મહેનત જરૂરી છે. લક્ષ્ય હંમેશાં ઊંચુ રાખવું, જેથી લક્ષ્યની નજીક પહોંચવું આસાન થઇ પડે. લક્ષ્ય આપણને હંમેશાં સભાન રાખે છે. જેથી લક્ષ્ય નક્કી કરો.

(૨) ધ્યાન (Concentration) :

આ પરીક્ષા માટે બીજો અગત્યનો મુદ્દો છે. ધ્યાનથી એકાગ્રતા સાથે પરીક્ષાની તૈયારી કરવાથી અદ્‌ભૂત પરિણામો મેળવી શકાય છે. વાંચન વખતે તમારૂં ધ્યાન વાંચનના વિષયો પૂરતું જ રહે તે માટે ધ્યાન રાખો. શક્ય હોય તો યોગ-ધ્યાન કરો, જેથી એકાગ્રતા કેળવાય. એકાગ્રતા હશે તો તમે લક્ષ્ય તરફ નિશ્ચિતતાથી આગળ વધી શકશો.

(૩) નિશ્ચિત સમય :

વાંચન તથા લેખન માટે નિશ્ચિત સમય ફાળવવો જરૂરી છે. સમગ્ર દિવસ દરમિયાન કેટલો સમય વાંચન કરવાનું છે. તેનું આગોતરૂં સમયપત્રક તૈયાર કરો. નક્કી કરેલા સમયને વળગી રહો, જેથી પરીક્ષાની સંપૂર્ણપણે તૈયારીમાં કચાશ ન રહે. દિવસ દરમિયાન શું વાંચવું? શું લખવું? તથા શાનું પુનરાવર્તન કરવું? તેનું વ્યવસ્થિત આયોજન કરી લો.

(૪) સ્ટડી ગ્રુપ/સહપાઠી :

શક્ય હોય તો બે-ત્રણ વિદ્યાર્થીઓનાં ગ્રુપમાં તૈયારી કરો, જેથી વાંચનનું વાતાવરણ બનાવી શકાય. ગ્રૂપમાં તૈયારી કરવાથી એકબીજાની તૈયારીનો ખ્યાલ આવે છે તથા સહપાઠીના સાથથી એકલતા અનુભવાતી નથી. તથા વિદ્યાર્થીઓ પરસ્પર હૂંફ મેળવી શકે છે, જે પરીક્ષાની તૈયારીમાં મદદરૂપ થાય છે.

(૫) જૂની નોટ્સ/પાઠ્યપુસ્તકો/પુસ્તકાલયનો ઉપયોગ :

તમે તૈયાર કરેલ તમારા વિષયની Notes પરીક્ષાની તૈયારીમાં ખૂબ જ મદદરૂપ છે. પાઠ્યપુસ્તકનો વધુ ઉપયોગ કરો. છેલ્લા થોડા વર્ષોનો અનુભવ છે કે પાઠ્યપુસ્તકનો ઉપયોગ કરનાર વધુ સારૂં પરિણામ મેળવી શક્યા છે. પાઠ્યપુસ્તકમાં આપેલ નોંધ, ઉદાહરણ, સ્વાધ્યાયના પ્રશ્નો ધ્યાનપૂર્વક તૈયાર કરો. પુસ્તકાલયનું વાતાવરણ વાંચન માટે આદર્શ છે તથા તમોને જોઇતી પૂરતી સામગ્રી પણ તમે ઝડપથી મેળવી શકશો. જેથી ધાર્યું પરિણામ મેળવી શકાય.

(૬) અઘરો વિષય/પ્રશ્નોત્તરી/ચર્ચા :

પરીક્ષા માટે અઘરા લાગતા વિષય માટે વધારે સમય ફાળવો. અઘરા વિષયના મુદ્દાઓ લખીને તૈયાર કરવાનું રાખો. "એકવાર લખવું ત્રણ વાર વાંચવા બરાબર છે." જેથી પરીક્ષા સમયે લખેલું યાદ આવશે. શક્ય હોય તો સ્ટડી ગ્રુપના વિદ્યાર્થીઓ જોડે પ્રશ્નોત્તરી કરો. અરસપરસ પ્રશ્નોત્તરી કરવાની તૈયારી તથા કયાં કચાશ છે તે જાણી શકાય છે. ચર્ચા દ્વારા પણ અઘરા મુદ્દાઓને સરળ બનાવી શકાય છે.

(૭) પુનરાવર્તન :

પુનરાવર્તન વાંચનનું અગત્યનું પાસું છે. અગાઉ વાંચન કરેલ હોઇ તેનું પરીક્ષા સમયે પુનરાવર્તન કરો, જેથી દૃઢીકરણ કરી શકાય. પુનરાવર્તન ધ્યાનપૂર્વક કરવું. અઘરા જણાતા પ્રશ્નો, મુદ્દાઓ વિશે ફરીથી પુનરાવર્તન કરવું જેથી પ્રશ્ન યાદ રહી જાય.

(૮) તણાવ (Tension) :

પરીક્ષા સમયે કોઇ પણ પ્રકારનો તણાવ અનુભવશો નહિ. હળવાશપૂર્વક પરીક્ષાની તૈયારી કરો. તણાવ રાખવાથી યાદશક્તિ ઉપર અસર થાય છે. તણાવમુક્ત રહી સ્વસ્થ ચિત્તે પરીક્ષાની તૈયારી કરો. તણાવ જણાય તો થોડો સમય વાંચન છોડી ખુલ્લા વાતાવરણમાં ફરવાનું રાખો. મુક્ત વિહાર કરવાથી તણાવ ઓછો થાય છે. તમે સારૂં પરિણામ લાવવાનાં જ છો તેમજ તમારો આત્મવિશ્વાસ ભરપૂર છે તેવી શ્રધ્ધા રાખો જેથી તણાવ દૂર થાય.

આ થઇ પરીક્ષાની તૈયારી માટેનાં અગત્યનાં મુદ્દાઓની ચર્ચા. એ સિવાય નીચેનાં મુદ્દાઓ પણ ધ્યાનથી વાંચો.

(૧) પરીક્ષા દરમિયાન ખોરાક નિયમિત લો. સવારનો નાસ્તો અચૂક લો. ખોરાક હળવો, સુપાચ્ય તથા પોષણયુક્ત હોય તે જરૂરી છે.

(૨) પરીક્ષાની તૈયારી દરમિયાન પૂરથી ઊંઘ લો. આરામ પણ કરવાનો રાખો. પૂરતી અને સમયસર ઊંઘ લેવાથી માનસિક સ્વસ્થતા જળવાઇ રહે છે.

(૩) તમો જે જગ્યાએ વાંચન કરો છો તે જગ્યા સ્વચ્છ હોવી જોઇએ. આ જગ્યાએ બિનજરૂરી ઘોંઘાટ ન થવો જોઇએ.

(૪) પરીક્ષાના સમય દરમિયાન ટી.વી. જોવાનું ટાળો. વાંચનથી કંટાળ્યા હોય ત્યારે Change માટે થોડીવાર ટી.વી. જોવામાં વાંધો નથી. પણ વારંવાર ટી.વી.નો ઉપયોગ કરવાથી વાંચનમાં એકાગ્રતા કેળવાતી નથી.

(૫) પરીક્ષા દરમિયાન વધુ પડતા ચા-કોફી ન લેશો કે ખોટા ઉજાગરા કરવાનું ટાળશો, ઉજાગરા કરવાથી સુસ્તી, આળસ, બેચેની અનુભવાય છે જેથી પરીક્ષાની તૈયારી સ્વસ્થ ચિત્તે થઇ શકતી નથી.

વિદ્યાર્થી મિત્રો, આ Tips ધ્યાનમાં લઇ સ્વસ્થ ચિત્તે આત્મવિશ્વાસ પૂર્વક પરીક્ષાની તૈયારી કરો. હંમેશાં હકારાત્મક વિચારસરણી રાખો. પરીક્ષાનું સારૂં આવવાનું છે એવો આત્મવિશ્વાસ રાખો.

છેલ્લે, સૌ પરીક્ષાર્થી મિત્રોને ઉજ્જવળ પરિણામની શુભેચ્છાઓ સાથે All the best !! Best of luck !!

-અજયસિંહ ઈન્દ્રસિંહ ચંપાવત

શ્રી ઉત્તર બુનિયાદી માધ્યમિક હાઇસ્કૂલ, ગોરાડ, તા. દાંતા, વાયા-અંબાજી, જિ. બનાસકાંઠા-૩૮૫૧૨૦ (ઉ.ગુ.)